ફોજદારી કેસ નં. ૨૧૭૯/૨૦૧૯

**આંક–૧ લગત હુકમ**

(૧) વિ.એ.પી.પી.શ્રીની સદરહુ કેસમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચવાની પુરસીસ તથા મે. કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરતનાઓનો તા. ૧૫/૦૬/૨૦૨૪ ના પત્ર ક્રમાંક નં. એમએજી/ડોર્મેન્ટકેસ/વશી/૧૨૮૭/૨૦૨૪ નો હુકમ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૧ તથા આરોપી/આરોપીઓ વિરુધ્ધનો ગુનાનું તહોમત ધ્યાને લીધું.

(૨) સદરહુ કેસ આરોપી ઘણા લાંબા સમયથી આરોપી/આરોપીઓ મળી આવતા ન હોય ડોરમેન્ટ ફાઈલ ઉપર પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી/આરોપીઓ મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી અને તેના કારણે આ કેસ પેન્ડીંગ રહેલ છે. આરોપી/આરોપીઓને શોધવા પ્રયાસ કરવો સમય શકિત અને નાણાંનો વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસોમાં પુરતું ધ્યાન આપી ગંભીર પ્રકારના કેસો કાળજીપુર્વક ચલાવી શકે તે માટે જાહેર હીતમાં અને ન્યાયના હિતમાં સદર કેસમાં સદર કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચવા પરવાનગી આપવી ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રી.ને સદર કેસ પરત ખેંચવાની પરવાનગી આપી સદરહુ કેસ વિથ્ડ્રોથી ફેસલ કરી આરોપી/આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧(ક) અન્વયે આરોપી/આરોપીઓ સામેના ગુનાઓમાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ કેસમાં મુદ્દામાલ અંગે થયેલ વચગાળાનો જો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમી રાખવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ થયેલ ન હોય તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૨ અન્વયે ઈન્કવાયરી કરી હકકદાર વ્યકિતને મુદ્દામાલ પરત સોંપવાની કાર્યવાહી કરવાનો અને જો છ મહીનાની અંદર કોઈ હકક દાવેદાર હાજર ન થાય તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૫૮ અન્વયે કિંમતી મુદ્દામાલ રાજય સરકાર વેચી શકશે અને તેના વેચાણની ઉપજની ઠરાવવામાં આવેલ રકમ સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે અને બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૨૨ મી માહે. જુન, સને ૨૦૨૪ ના રોજ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા. ૨૨–૦૬–૨૦૨૪. (શગુન દીપક રાજ)
સ્થળ : સુરત. દસમા એડી. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
સુરત. કોડ નં. જીજે.૦૧૬૫૫